પ્રાંતિજના કતપુર ટોલટેક્સ ઉપર ફરજ બજાવતા કર્મચારીનું હાર્ટએટેકથી મોત

ચાલુ નોકરીએ હાર્ટએટેક આવતા યુવકનું મોત : અચાનક મોતને લઈને પરિવાર સહિત ગામમાં શોકનુ મોજુ ફરી વળ્યું

પ્રાંતિજ તા.૨૯

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના કતપુર ખાતે આવેલ ટોલટેક્સ ઉપર નોકરી કરતા કર્મચારી યુવકનું ચાલુ નોકરીએ હાર્ટએટેક આવતા યુવકનું સ્થળ ઉપર જ મોત નિપજ્યું હતું.

હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના કતપુર ટોલટેક્સ ઉપર છેલ્લા કેટલાય વર્ષોથી ટોલ કર્મચારી તરીકે ફરજ બજાવતો સંદીપ અરવિંદભાઈ પ્રજાપતિ ઉ વર્ષ-૩૩ રહે. પ્રાંતિજના ઓરાણ ત્યારે ટોલ કર્મચારી મૃતક સંદિપ અરવિંદ ભાઈ પ્રજાપતિ પોતે ટોલટેક્સ ઉપર નોકરી કરતા તે દરમ્યાન બપોર ના સમયે તેવો ને અચાનક છાતીના ભાગે દુખાવો થતાં તેવો નીચે ઢળી પડયા હતાં અને તેવોનુ હાર્ટએટેક ને લઈને સ્થળ ઉપર જ ચાલુ નોકરી દરમ્યાન તેવું અવસાન થયું હતું ત્યારે યુવક ને પ્રાંતિજ સિવિલ ખાતે પણ લઈ જવામાં આવ્યો હતો પણ હાજર તબીબી દ્વારા મૃત જાહેર કરવામાં આવ્યો હતો તો મૃતક યુવકને ત્રણ વર્ષની બાળકી પણ છે ત્યારે યુવકના મોતના સમાચારને લઈને પરિવાર સહિત ગામમાં શોક નુ મોજુ ફરી વળ્યું હતું.

દધાલિયા-મોરાના જંગલમાં ત્રણ દીપડા જોવા મળતાં કારચાલકે દીપડાને કેમેરામાં કેદ કર્યો

માનવ વસ્તી નજીક દીપડાનો પરીવાર જોવા મળતા લોકોમાં ફફડાટ

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જીલ્લાની ગીરીમાળાઓમાં હિંસક પ્રાણીઓ મોટા પ્રમાણમાં વસવાટ કરી રહ્યા છે, છેલ્લા કેટલાક સમયથી દીપડાઓ અરવલ્લીની ગિરિમાળાઓમાંથી બહાર નીકળી ભિલોડા, શામળાજી, મેઘરજ અને માલપુર પંથકમાં માનવ વસ્તીમાં પ્રવેશી આતંક મચાવી પશુઓનું મારણ કરતા પ્રજાજનોમાં ફફડાટ ફેલાયો છે, ત્યારે દધાલિયા નજીક આવેલા મોરાના જંગલમાં દીપડાના પરિવારે ધામાં નાખતા દીપડાની હાજરીથી પ્રજાજનોમાં ફફડાટ ફેલાયો છે. રોડ પરથી પસાર થતા કાર ચાલકને રોડ નજીક જંગલમાં એક સાથે ત્રણ દીપડા જોવા મળતા ઉભો રહી ગયો હતો અને એક દીપડો કેમેરામાં કેદ થયો હતો.

મોડાસા તાલુકાના દધાલિયા ગામ નજીક અરવલ્લીની ગીરીમાળાઓમાં દીપડાઓ સહીત વન્ય પ્રાણીઓ મોટી સંખ્યામાં વસવાટ કરી રહ્યા છે ત્યારે દધાલિયા નજીક આવેલા જંગલમાં અને ખેતરોમાં દીપડાઓ લટાર મારતા રોડ પરથી પસાર થતા કાર ચાલકને એક સાથે ત્રણ દીપડા જોવા મળતા દીપડાની તસ્વીર મોબાઈલ કેમેરામાં કંડારી લીધી હતી અને લોકોને દીપડો જંગલમાં ફરતો હોવાની માહિતી અપાતા લોકોમાં દીપડાના આતંકના દહેશતથી ભયનો માહોલ છવાયો છે. શિયાળુ ખેતીનો સમય હોવાથી ખેતી કામમાં સીમાડાઓ ધમધમી રહ્યા હોવાની સાથે ખેડૂતો પાકને જંગલી પ્રાણીઓના ભેલાણથી બચાવવા ખેતરોમાં રાત્રી મુકામ કરી રહ્યા છે તેવી ઘડીએ દીપડાએ દેખા દેતા ખેડૂતો ખેતરમાં પગ મુકતા પણ ફફડી રહ્યા છે. દીપડાઓ ઝાડીઓ અને ખેતરમાં પાકની વચ્ચે છુપાઈ રહીને રાત્રીના સુમારે જ હુમલો કરતો હોવાથી ભયના ઓથાર નીચે જીવી રહ્યા છે.

દધાલિયા પંથકના ગ્રામ્ય વિસ્તારમાં દીપડાએ દેખા દેતા જાગૃત ખેડૂતોએ વનવિભાગ તંત્રને જાણ કરવા છતાં પાંજરે પુરાવા કાર્યવાહી કરવામાં ન આવતા લોકોમાં રોષ પ્રવર્તી રહ્યો છે.

ટેટ શિક્ષકોની અધુરી ભરતી થતાં, ઉમેદવારોમાં અન્યાયની લાગણી

તમામ જગ્યાઓ પૂર્ણ કરવા ઈ-મેલ અભિયાન કર્યું

હમણાં જ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની વર્ષો પછી ૬૧૭ જગ્યા ઉપર ભરતી કરવામાં આવી છે, પરંતુ આ ભરતી માં તમામ જગ્યાઓ પૂર્ણ ન ભરાતાં ઉમેદવારોમાં રોષ અને અન્યાયની લાગણી જોવા મળી હતી.

અગાઉ શિક્ષકોની ભરતી પ્રક્રિયામાં તમામ જગ્યાઓ પૂર્ણ થયા બાદ પ્રતિક્ષા યાદી બહાર પડતી હતી, પરંતુ આ વખતે ફાઈનલ મેરીટ અને પ્રતિક્ષા યાદી એકીસાથે જાહેર કરી ભરતી પ્રક્રિયા કરવામાં આવી હતી,અને સાથોસાથ એવો અન્યાય લક્ષી નિર્ણય પણ કરવામાં આવ્યો કે જો પ્રતિક્ષાયાદીથી પણ જગ્યા ન ભરાય તો એ જગ્યા અધુરી મુકી દેવામાં આવશે. પરિણામે અસંખ્ય લાયક ઉમેદવારો ઉચ્ચ મેરીટ માં હોવા છતાં, જગ્યાઓ પણ અધુરી રહેવા છતાં આ અન્યાય લક્ષી નિર્ણયને કારણે તેમને નોકરી મળતી નથી...

આ પ્રક્રિયા અને અન્યાય લક્ષી નિણર્યને કારણે પરિસ્થિતિ એવી ઉત્પન્ન થઇ છે કે હજારો બેરોજગાર શિક્ષકો અને તેમના પરિવારોનુ ભાવિ અંધકારમય બની ગયું છે તેથી છ્ બેરોજગાર શિક્ષકોએ સરકાર અને શિક્ષણ વિભાગ સાથે ભરતી બોર્ડમાં પણ ઈ-મેઈલ અભિયાન દ્વારા પ્રતિક્ષાયાદી-૨ બહાર પાડી તમામ જગ્યાઓ પૂર્ણ કરી બેરોજગાર શિક્ષકોની વર્ષોની મહેનત ઉપર ન્યાય આપવા અને ગ્રાન્ટેડ તેમજ વિધાસહાયકની ભરતી પણ સત્વરે જાહેર કરવા રજૂઆત કરી હતી.

ગુરૂનાનક જયંતિના પાવન પર્વની શુભકામનાઓ પાઠવતા મુખ્યમંત્રી

અમદાવાદ, તા. ૨૯

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ શીખ સમુદાયના નાગરિક ભાઈ-બહેનોને ગુરૂનાનક જયંતિના પાવન પર્વની શુભકામનાઓ પાઠવી છે.

વિજયભાઈ રૂપાણીએ બંધુતા સમરસતા અને આપસી પ્રેમના ગુરૂનાનક દેવજીના ઉપદેશને આત્મસાત કરવામાં આ પર્વ સમાજ સમસ્તને પ્રેરણા આપશે તેમ શુભેચ્છા સંદેશમાં જણાવ્યું છે.

મોડાસા બ્રહ્મસમાજ અને બ્રહ્મર્ષિ બેક તરફથી નવનિયુક્ત અરવલ્લી જિલ્લા ભાજપા પ્રમુખ રાજુભાઈ પટેલનુ સ્વાગત સત્કાર કરી અભિનંદન સાથે શુભેચ્છા પાઠવવામાં આવી હતી. જેમાં ચેરમેન કમલેશભાઈ જોષી મેને ડિરે ચંદ્રકાન્ત પંડયા મેને ડિરે દશરથભાઈ ઉપાધ્યાય, કોર્પોરેટર કેતન ત્રિવેદી એડવોકેટ વિજય પંડ્યા તેમજ લીભોઈ સરપંચ હિતેશ જોષી ઉપસ્થિત રહેલ હતા.

ડીસાના આખોલ નજીક ટ્રક અને બાઈક વચ્ચે ટક્કર યુવાન બાઈક ચાલકનું મોત

સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં અકસ્માતોની વણઝાર ચાલી રહી છે ત્યારે અનેક વાહન ચાલકો ગફલતભર્યું ડ્રાઈવિંગ કરીને અવાર નવાર અકસ્માતો સર્જતાં અકસ્માતોની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે ત્યારે રવિવારે ડીસાના આખોલ હાઈવે નજીક એક ટ્રક ચાલકે બાઈકને ટક્કર મારતાં બાઈક ચાલકનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. ઘટનાના પગલે લોકોના ટોળા ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા.

જોકે ટ્રકચાલક અકસ્માત સર્જી ફરાર થઈ જતાં પોલીસ દ્વારા ગણતરીની મિનિટોમાં ટ્રક ચાલકને ઝડપી પાડી ટ્રક સહિત ચાલકને ડીસા તાલુકા પોલીસ સ્ટેશન લઈ જવાયાં હતા. આ અકસ્માત સર્જાતા બાઈકચાલક હિતેશભાઈ દિનેશજી જાટ (ઉ. વ. ૧૮ રહે યાવરપુરા) નું કમકમાટીભર્યું મૃત્યુ નિપજતાં પરીવાર ઉપર આભ તુટી પડ્યું હતું મરણ જનાર યુવાનના પરીવારજનો દ્વારા ડીસા તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી જ્યારે અકસ્માત સર્જનાર ટ્રક ચાલકને પોલીસે ઝડપી પાડીને અકસ્માતનો ગુનો નોંધી તાલુકા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

પ્રાંતિજના કતપુર ગામની સીમમાં આવેલ બોખમાંથી અજાણી ચાર વર્ષની બાળકીનો મૃતદેહ મળ્યો

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કતપુર ગામની સીમમાં આવેલ બોખમાંથી અજાણી ચાર વર્ષની બાળકીનો મૃત હાલતમાં પાણીમાં ડુબેલો મૃતદેહ મળી આવ્યો.

પ્રાંતિજના કતપુર પાસે આવેલ બોખમાં પાણીમાં તરતી કિનારા પાસે અંદાજે ચાર વર્ષની અજાણી બાળકીનો મૃતદેહ દેખાતા ગ્રામજનો સહિત ગામના સરપંચ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને સરપંચ દ્વારા પ્રાંતિજ પોલીસને જાણ કરતા પ્રાંતિજ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી પાણીમાંથી

બાળકીનો મૃતદેહ કાઢવામાં આવ્યો હતો અને પોલીસ દ્વારા મૃતક બાળકીનો પ્રાંતિજ સિવિલ ખાતે પીએમ અર્થે મોકલી આપી હતી. પ્રાંતિજ પોલીસ દ્વારા આજુબાજુમાં રહેતા પરીવારની પુછપરછ સહિતની તપાસ હાથ ધરી હતી. ત્યારે હાલ તો આ બાળકી કોણ છે, ક્યાંની છે, કેવી રીતે પાણીમાં ગરકાવ થઈ તે સહિતની તપાસ પ્રાંતિજ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે.

માલપુર નજીક અકસ્માતમાં કારના બે ટુકડા થતા બે ના મોત

કારનું ટાયર ફાટતા કાર ડિવાઈડર કુદાવી રોગ સાઈડ પસાર થતી કારને અડફેટે લીધી

માલપુર તાલુકાના રાસાપૂર ગામ નજીક શુક્રવારે મોડી રાત્રે ટ્રેકટર-ટ્રોલી પાછળ બાઈક ઘૂસી જતા બાઈક સવાર બે યુવકોના ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નિપજાવાની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યારે રવિવારે સવારે માલપુર-લુણાવાડા રોડ પર ચોરીવાડ ચોકડી નજીક લુણાવાડા તરફથી આવતી કારનું ટાયર ફાટતા ડિવાઈડર કુદાવી માલપુર થી લુણાવાડા તરફ જતી અન્ય કાર સાથે ધડાકાભેર અથડાતા ગમખ્વાર અકસ્માત થયો હતો જેમાં કારના બે ટુકડા થઈ જતા બે લોકોના ઘટનાસ્થળે કમકમાટી ભર્યા મોત નિપજ્યા હતા અકસ્માતની ઘટનાના પગલે માલપુર પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચ્યા હતા માલપુર પોલીસે બંને કમનસીબ મૃતકોની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી

હાથધરી હતી.

શામળાજી-ગોધરા હાઈવે પર ખાડા પડતા અનેક લોકો સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવી અકસ્માતનો ભોગ બન્યા છે ત્યારે સાબરકાંઠા જીલ્લાના જાદર ગામના જગદીશ અમીચંદ ભાઈ પટેલ તેમના ભાગીયા રામભાઈ સાથે લુણાવાડા તરફથી કાર લઈ મોડાસા તરફ આવી રહ્યા હતા ત્યારે માલપુર નજીક ચોરીવાડ ચોકડી નજીક કારનું ટાયર ફાટતા કાર ચાલક જગદીશ પટેલે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા કાર ડિવાઈડર કુદાવી રોંગ સાઈડ જઈ અન્ય કાર સાથે ધડાકાભેર અથડાતા કારના બે ટુકડા થઈ જતા કાર ચાલક જગદીશ પટેલ અને તેમના ભાગીયાનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું અન્ય કાર રોડ પરથી નીચે ઉતરી ખાડામાં ખાબકી હતી જેમાં કાર ચાલકને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ખસેડાયો હતો સતત વાહનોથી ધમધમતા રોડ પર ગમખ્વાર અકસ્માતની ઘટનાના પગલે મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા ટ્રાફિકજામ સર્જાયો હતો.

નીલગાયનું બચ્યું કુવામાં ખાબકતા વનવિભાગ અને જીવદયાપ્રેમીઓએ બચાવ્યું

ભિલોડા નજીક રીક્ષા-પીકઅપ વચ્ચે ડાલુ ભટકતા રીક્ષાનો કડૂચાલો

અરવલ્લી જીલ્લાની ગીરીમાળાઓમાં મોટા પ્રમાણમાં નીલગાય અને રોઝ જેવા પ્રાણીઓ વસવાટ કરી રહ્યા છે ખેડૂતોને મોટા પ્રમાણમાં નુકશાન પહોંચાડી રહ્યા છે રાત્રીના સમયે નીલગાયોના ઝુંડ ઉભા પાકમાં ત્રાટકતા હોય છે શનિવારે રાત્રે ટીંટોઈ નજીક ઉંડા કુવામાં નીલગાયનું બચ્યું ખાબકતા ખેડૂતે વન વિભાગ જાણ કરતા વનવિભાગની ટીમે જીલ્લામાં કાર્યરત વર્લ્ડ લાઈફ એન્ડ નેચર કન્ઝર્વેશનની ટીમના સહયોગથી બે કલાકની ભારે જહેમત બાદ ૫૦ ફુટ ઉંડા કુવામાંથી રેસ્ક્યુ કરી નીલગાયના બચ્ચાને બચાવી લીધું હતું અને નજીકના જંગલમાં સહીસલામત છોડી દીધું હતું. અરવલ્લી જીલ્લામાં અકસ્માતની હારમાળા સર્જાઈ હોય તેમ વણથંભી વણઝાર યથાવત રહી

હતી જેમાં પીકઅપ ડાલા અને રીક્ષા વચ્ચે ગમખ્વાર અકસ્માત થતા રીક્ષાનો કડૂચાલો વળી જતા બેથી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા શનિવારે રાત્રે ભિલોડા-ઈડર ધોરીમાર્ગ પર માંકરોડા ગામ પાસે પીક અપ ડાલુ અને રીક્ષા સામ સામે ધડાકાભેર ટકરાતા રીક્ષાનો કડૂચાલો વળી ગયો હતો.

નૂતન વર્ષાભિનંદન
દેવ દિવાળી ની હાર્દિક શુભકામના

ધી સર્વોદય સહકારી બેંક લી. મોડાસા
ચેરમેન શ્રી : ઈકબાલહુસેન જી. ઈપ્રોલીયા
મેને.ડિરેક્ટર : ઈબ્રાહીમભાઈ જી. બાકરોલવાલા,મ. યાસીન જી. કાજી
શાખ ૬. ચેરમેન શ્રી, સલીમભાઈ આઈ. મનવા
તથા બોર્ડ ઓફ ડીરેક્ટર્સ - મેનેજર-ફરહાના એમ.યગન
૩૧-૦૩-૨૦૨૦ ની આંકડાકીય માહીતી
૧. શેરભંડોળ : ૧૫૩.૪૮ લાખ ૨. રીઝર્વ તથા અન્ય ફંડો : ૯૭૨.૬૪ લાખ
૩. ડીપોઝીટ :૪૪૯૬.૯૧લાખ ૪. ધિરાણ : ૨૬૬૬.૯૭ લાખ
૫. કાર્યકારી ભંડોળ : ૬૨૭૮.૦૦ લાખ ૬. નેટ NPA(%) : 0 (ZERO) %
૭. નફો : ૫૫.૪૭ લાખ
બેંકમાં મુકેલી થાપણો રૂા. પાંચ લાખ સુધી વિમાથી સુરક્ષિત છે.

ખલીકપુર ગ્રામ પંચાયત
હસમુખભાઈ સોમાભાઈ ખાંટ-સરપંચ
શ્રીમતી કરૂણાબેન કિશોરભાઈ ભાવસાર-ડે.સરપંચ
તલાટી કમમંત્રી:ઈશ્વરભાઈ જે.રબારી
-: સભ્યશ્રીઓ :-
કુમારી પાયલબેન પ્રજાપતિ શ્રી પિનોદભાઈ આર. પટેલ
શ્રીમતી મંજુલાબેન વી. ખાંટ શ્રી સુભાષભાઈ એમ. પટેલ
મં.સ્વ. તુલસીબેન જે. ડામોર શ્રી ઈશ્વરભાઈ ડાહ્યાભાઈ માંભી
શ્રી તુલસીભાઈ આર. પટેલ
-કર્મચારી ગણ-
ઈશ્વરભાઈ જે.રબારી(તલાટી કમમંત્રી) ખાંટ શામળભાઈ સી (વી.સી.ઈ.)
ખાંટ નરસિંહભાઈ એમ.(પટાવાળા-કલાર્ક.) ખાંટ મંગાભાઈ આર (વર્કર વર્કસ)
વણકર પ્રવિણભાઈ વી.(હેલ્પર)

અરવલ્લી જિલ્લાની તમામ અન્ડર કન્સ્ટ્રક્શન કોમર્સીયલ સાઈટ કરતાં ચો.ફૂટ ઓછા ભાવ ધરાવતી એક માત્ર ૩૬૦૫ એકરમાં ફેલાયેલ મેગા કોર્મસીયલ સંકુલ...
આદિત્ય કોમ્પલેક્ષ
દુકાનો-શોરૂમ-ઓફિસ- કોર્પોરેટ હાઉસ-હોટલ બેન્કવેટ
હોસ્પિટલ-એજ્યુ.કલાસીસ-ડીપાર્ટમેન્ટ સ્ટોર્સ-જીમ-બેંક-થીયેટર-હોસ્ટેલ
સાઈટ એડ્રેસ :મોડાસા શામળાજી બાયપાસ, સ્વામિનારાયણ મંદિર-એઈમ્સ હોસ્પિટલ પાસે મોડાસા
જયેશ દોશી ૯૯૨૫૨ ૩૨૫૩૨ (જગત એન્જીનીયરીંગ કંપની,મોડાસા)
પરેશકોઠારી
આર્જવ કોઠારી ૯૯૨૫૦ ૦૯૫૭૭

ધી મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ કો.ઓ. સોસાયટી
કોલેજ રોડ, મોડાસા
ફોન : ૦૨૭૭૪-૨૪૯૩૮૮,૨૪૯૬૪૪
અ. રજાક હાજી હુસેનભાઈ ટીટોઈયા-પ્રમુખ • અ. રહીમ ઈસ્માઈલભાઈ મનવા-ઉપપ્રમુખ
મેનેજર : ઈપ્રોલિયા અ.રજાક મ.હુસેન
-::વ્ય.ક.સભ્યો::-
ભીખાભાઈ સુલેમાનભાઈ બાકરોલીયા • મ. રફીક મુસ્તુફાભાઈ બાંડી
મ.સલીમ ગુલામહુસેન સાબલીયા • ઉસ્માનગની ઈસ્માઈલભાઈ ટીટોઈયા
સિકંદરભાઈ હાજી ઈબ્રાહીમભાઈ ગેંણા • સોમાભાઈ નથ્થુભાઈ ચમાર
ગુલામનબી અહેમદભાઈ ઈપ્રોલીયા • ફાતમાબેન ઈબ્રાહીમભાઈ બાંડી
કો. ઓપ. સભ્ય
મ.નજીર એયુબભાઈ સુથાર મો.સમીર ગુલામહુસેન સુથાર

વિના સહકાર નહિ ઉધ્ધાર
શ્રી હિંમતાજ ક્રેડીટ કો.ઓપ.અને ગ્રાહક મંડળી લિ. મોડાસા
પટેલ જનેરલ સ્ટોર્સ,સ્ટેશન રોડ મોડાસા
ચેરમેન શ્રી : ભાવિનભાઈ સી. ભાવસાર • વા.ચેરમેન : અનિલભાઈ કે. ભાવસાર
મેને.ડિરેક્ટર : વિનોદકુમાર વી ભાવસાર
-: ડીરેક્ટરશ્રીઓ :-
જગદીશચંદ્ર ડી. ભાવસાર હેતલબાઈ વી. ભાવસાર
પ્રવીણભાઈ કાર્યા.ભાવસાર વિજયકુમાર એ. ભાવસાર
મેહુલભાઈ આર. ભાવસાર કમલેશભાઈ ડી. ભાવસાર
વિનયકુમાર વી. ભાવસાર વિકાસભાઈ પે. ભાવસાર
નરેન્દ્રભાઈ એલ.ભાવસાર
મેનેજર : કમલેશભાઈ એલ. ભાવસાર
કલાર્ક -નીલમ ડી. ભાવસાર - કેશર એ. ભાવસાર
મો.૯૭૧૭૯૪૯૦૬૬
હેડઓફીસ : ઝ. ૧૧.૩૧.૯૯૦-
રિજર્વ ફાં.ચાલુ ફંડ : ઝ. ૧.૩૧.૧૪.૨૨૮
થાપણો : ઝ. ૧.૩૬.૮૧.૧૧૮-
ધિરાણ : ઝ. ૧.૧૪.૩૯.૮૩૬-
નફો : ઝ. ૧૬.૮૩.૩૬૧

Riyaz Zaz (M)9898252164 (O)2774-2423366
Irshad Zaz (M)9898252158 99 98 15 24 64
DISTRIBUTORS PEPSI Havemor icecream
SUPER AGENCY REFRESHMENT
1,GROUND FLOOR, FORTUNE COMPLEX, MODASA-383 315
Dist : Aravlli (GUJARAT)

ભાવનગરી ફરસાણ માર્ટ
જી-૬ રાજવી કોમ્પલેક્ષ, શામળાજી રોડ,મોડાસા ,
ભાવેશ : ૮૭૩૪૯૮૩૪૬૮,૯૮૯૮૨૦૮૪૬૮
દિક્ષિત : ૮૫૧૧૬૨૪૪૪૪
ગ્રાહકનો સત્કાર સન્માન તેમજ સંતોષ એજ અમારો ધ્યેય છે.

સ્વાદ કા સરનામા
શ્રી જોધપુર સ્વીટ માર્ટ & ફરસાણ માર્ટ
દરેક જાતનુ ફરસાણ તથા અવનવી મિઠાઈઓ મળશે.
ગુમાનભાઈ : ૯૫૩૭૭ ૩૮૩૦૩
જોગાભાઈ : ૯૭૨૭૩ ૧૫૭૦૯
૧૫, શ્રી રામ સીટી સેન્ટર,સ્ટેટબેંક પાસે,ચાર રાસ્તા મોડાસા

મિઠાઈ કા મીઠા સરનામા
જયભવાની રસમલાઈ એન્ડ સ્વીટ માર્ટ
રસમલાઈ,અંગુર બાસુંદી,સીતાફળ બાસુંદી,કેસર પિસ્તા બાસુંદી, કાજુકતરી,અંજીર રોલ,પીસ્તારોલ,માવા મીઠાઈ,બંગાળી મીઠાઈ,ફરસાણ
લગ્ન તેમજ શુભ પ્રસંગે ઓર્ડર લેવામાં આવશે.
રોડડીયા હનુમાન મંદિર સામે,માલપુર રોડ, મોડાસા ફોન : ૨૪૨૫૭૯

રોહિત પટેલ SINCE : 1958 (0)2774-2423366
પાર્થ પટેલ 99 98 15 24 64
પટેલ કલોથ સ્ટોર્સ
રેડીમેઈડ કપડાંનો શો રૂમ
ચાર રસ્તા,મોડાસા
PH.(02774) 242913

હોટલ સર્વોતમ
ઈન્ડીયન,ચાઈનીઝ,સાઉથ ઈન્ડિયન
Banquet Hall Available
We Are Provided
• Birthday Parties • Ring Ceremany
• get to gether • Company Meatiing etc.
મુ. માજલ,મોઘરા-મોડાસા-શામળાજી હાઈવે તા. મોડાસા
ફિ. અરવલ્લી (મો) ૯૭૩૧૭૨૩૮૮, ૭૬૯૮૭૦૮૨૬૬, ૯૧૨૭૫૩૭૫૩

જયસિંગ આર. યાદવ મો. ૯૮૨૪૨ ૧૫૫૯૦
" A GROUP OF QUALITY "
SINCE 1997
રામભાઈ માવાવાળા
માવાના છુટક તથા જથ્થાબંધ વહેપારી
ગુલાબજાંબુનો સ્પેશ્યીલ માવો મળશે.
સમગ કેરી પ્રોડક્ટ: પનીર,ઘી,ક્રીમ,દહી,રગડો,બાસુંદી, શ્રીખંડ,મેન્ગોડીલાઈટ,કેરીનો રસહોલસેલ ભાવે મળશે.
દુકાન નં. ૨૧, ઉપાસના કોમ્પલેક્ષ,બસ સ્ટેન્ડ પાછળ, મોડાસા-૩૮૩ ૩૧૫,ફિ. અરવલ્લી,ગુજરાત

પવન ઓટો એજન્સી
ઓર્થોરાઈઝ ડીલર હીરો મોટોકોર્પ લી.
મોડાસા શામળાજી રોડ મોડાસા
નરોતમભાઈ પટેલ (મામા) ૯૯૭૯૭ ૮૦૫૮૦
નિકુંજ પટેલ ૯૮૨૫૮ ૪૬૬૪૬

વિઠ્ઠલેશ પેકેજીંગ
વિનેશ કે. કોઠારી
Mo. 9825709228
9408591844
02774-244204
મીઠાઈના દરેક સાઈઝમાં સાદા તેમજ મલ્ટીપ્રિન્ટ બોક્ષ આકર્ષક અને મજબુત બનાવી આપનાર
સ્થળ : મોટી પંચની વાડી,ગાંધીવાડા,જુની પોસ્ટ ઓફિસ સામે,મોડાસા.

વસંત સો મીલ
મોયુદ્દીન અનારવાલા
મો.૯૮૨૫૮૯૬૧૬૬
અનારવાલા એસ્ટેટ,સાયરા રોડ,
ફોન - ઓ.૦૨૭૭૪-૨૪૪૩૨૨,૨૪૫૭૩૮
મોડાસા-૩૮૩૩૫ જિ. અરવલ્લી

જુગલકિશોર મો. ૯૨૬૪૧૯૯૦૮
સુરજ મો. ૯૫૩૭૭૩૧૧૭૪
મુનેશ મો.૯૯૯૮૧૭૫૮૨૮
શ્રી રામ પ્રોવિઝન સ્ટોર્સ
ખાવતેલ,કઠોળ,ખાંડ, અનાજ,કરીયાણા તથા સુકા મેવાના વહેપારી
માર્કેટયાર્ડ,મોડાસા

સંકલન : વિનોદ ભાવસાર : 9428133453